**પ્રશ્ન : 1 નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમમાં લખો.**

(1) પાટણ શહેર શાના માટે પ્રખ્યાત હતું?

(A) સાડી (B) બંગડી (C) પટોળાં (D) બાંધણી

(2) સુલતાન અહમદ શાહે કયું શહેર વસાવ્યું હતું?

(A) પાટણ (B) અમદાવાદ (C) જૂનાગઢ (D) વડનગર

(3) સોલંકીકાળમાં ગુજરાતમાં શૈવધર્મનું પ્રખ્યાત સ્થળ કયું હતું?

(A) દ્વારકા (B) મોઢેરા (C) પાટણ (D) સોમનાથ

(4) ગુજરાતમાં સૂર્યમંદિર કયા સ્થળે આવેલું છે?

(A) વડનગર (B) મોઢેરા (C) અમદાવાદ (D) સોમનાથ

(5) ભારતના કયા રાજયમાં સૌથી વધુ વરસાદ પડે છે?

(A) રાજસ્થાન (B) મેઘાલય (C) કર્ણાટક (D) બિહાર

(6) નીચેના પૈકી કઈ દક્ષિણ ભારતની નદી છે?

(A) કૃષ્ણા (B) કોસી (C) બ્રહ્મપુત્ર (D) ચિનાબ

(7) ખારાં પાણીનું સાંભર સરોવર કયા રાજયમાં જોવા મળે છે?

(A) તમિલનાડું (B) ઓરિસ્સા (C) રાજસ્થાન (D) ગુજરાત

(8) ભારતમાં એશિયાઈ સિંહ કયા રાજયમાં જોવા મળે છે?

(A) ગુજરાત (B) પ.બંગાળ (C) કેરળ (D) રાજસ્થાન

(9) આપણા દેશે કયા પ્રકારની શાસન પદ્ધતિ અપનાવેલી છે?

(A) રાજાશાહી (B) લોકશાહી (C) સામ્યવાદી (D) સરમુખત્યારશાહી

(10) રાજયમાં કઈ અદાલતનું સ્થાન બધી અદાલતોમાં સર્વોચ્ચ છે?

(A) વડી અદાલત (B) સુપ્રીમ કોર્ટ (C) ફોજદારી અદાલત (D) લશ્કરી અદાલત

(11) મકાન, જમીન કે અન્ય સંપત્તિને લગતા દાવાઓ કેવા દાવાઓ કહેવાય છે?

(A) સ્થાનિક (B) મહેસૂલી (C) દીવાની (D) ફોજદારી

(12) ભારતમાં મુઘલ વંશનો સ્થાપક કોણ હતો?

(A) શેરશાહ (B) હુમાયુ (C) અકબર (D) બાબર

(13) બાબર પછી દિલ્લીની ગાદી ઉપર કોણ આવ્યું?

(A) અકબર (B) શેરશાહ (C) હુમાયુ (D) જહાંગીર

(14) અકબરના અવસાન પછી શાહજાદા સલીમ કયું નામ ધારણ કરીને દિલ્લીની ગાદી પર આવ્યો?

(A) ઔરંગઝેબ (B) જહાંગીર (C) શાહજહાં (D) હુમાયું

(15) કોનો જન્મ અમરકોટના રાણાને ત્યાં થયો હતો?

(A) રાણા ઉદયસિંહનો (B) અકબરનો (C) રાણા રતનસિંહનો (D) હુમાયુનો

(16) શેરશાહ સૂર કયાંનો સરદાર હતો?

(A) અફઘાન (B) દિલ્હી (C) ગુજરાત (D) આગ્રા

TAPOVAN GROUP OF SCHOOL

(17) આપણા દેશના લોકોનો મુખ્ય વ્યવસાય કયો છે?

(A) વેપાર (B) ઉદ્યોગ (C) ખેતી (D) પશુપાલન

(18) બાજરીનું સૌથી વધુ ઉત્પાદન કયા રાજયમાં થાય છે?

(A) ગુજરાત (B) રાજસ્થાન (C) મહારાષ્ટ્ર (D) મધ્યપ્રદેશ

(19) કુટિર ઉદ્યોગોમાં શું બનાવવામાં આવે છે?

(A) સિમેન્ટ (B) બસ (C) ખાંડ (D) પાપડ

(20) ગુજરતમાં નીચેના પૈકી કયા સ્થળે રોપ–વે આવેલો છે?

(A) રામગઢમા (B) પાવાગઢમાં (C) જૂનાગઢમાં (D) સોનગઢમાં

(21) મુઘલ શાસકોમાં સૌથી વધારે પ્રતિભાશાળી શાસક કોણ હતો?

(A) બાબર (B) જહાંગીર (C) અકબર (D) શાહજહાં

(22) જહાંગીરનું મુખ્ય નામ શું હતું?

(A) અફઝલ (B) સલીમ (C) સૈયદ (D) સુલેમાન

(23) શાહજહાંનું કયું સ્થાપત્ય વિશ્વવિખ્યાત છે?

(A) રંગ મહલ (B) મોતી મસ્જિદ (C) લાલ કિલ્લો (D) તાજમહલ

(24) શિવાજીનો જન્મ કયાં થયો હતો?

(A) તોરણના કિલ્લામાં (B) શિવનેરી કિલ્લામાં

(C) પુરંદરના કિલ્લામાં (D) સિંહગઢમાં

(25) બજારમાંથી પૈસા આપી વસ્તુ ખરીદનારને શું કહે છે?

(A) ઉત્પાદક (B) દલાલ (C) ગ્રાહક (D) ફેરિયા

(26) ભારતમાં શાકાહારી ખાદ્યસામગ્રી ઉપર કયા રંગનું ચિન્હ હોય છે?

(A) લાલ (B) લીલા (C) પીળા (D) કાળા

(27) ભારતમાં માંસાહારી ખાદ્યસામગ્રી પર કયા રંગનું ચિન્હ હોય છે?

(A) લાલ (B) લીલા (C) પીળા (D) કાળા

(28) ભારતમાં ખેત પેદાશો તેયાર થતી વસ્તુઓ પર કયો માર્કો લગાડવામાં આવે છે?

(A) ISI નો (B) ISO નો (C) એગમાર્કનો (D) BTS નો

(29) સોમનાથ મંદિર ગુજરાતના કયા જિલ્લામાં આવેલું છે?

(A) જૂનાગઢ (B) પોરબંદર (C) જામનગર (D) ગીરસોમનાથ

(30) દ્વારકાધીશનું મંદિર કઈ સદીનું સ્થાપત્ય છે?

(A) તેરમી (B) બારમી (C) ચૌદમી (D) પંદરમી

(31) મોઢેરાનું સૂર્યમંદિર ગુજરાતના કયા જિલ્લામાં આવેલું છે?

(A) અમદાવાદ (B) મહેસાણા (C) પાટણ (D) ગાંધીનગર

(32) ભારતમાં જયોતિર્લિંગોની સંખ્યા કેટલી હોય છે?

(A) 4 (B) 8 (C)15 (D) 12

(33) ‘ઢાઈ દિન કા ઝોપડા’ શું છે?

(A) મંદિર (B) અગિયારી (C) ચર્ચ (D) મસ્જિદ

(34) દિલ્લીમાં લાલકિલ્લાનું નિર્માણ કોણે કરાવ્યું હતું?

(A) જહાંગીરે (B) અકબરે (C) ઔરંગઝેબે (D) શાહજહાંએ

(35) દાલબાટી કયા રાજયના લોકોનું પ્રખ્યાત ભોજન છે?

(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર (C) રાજસ્થાન (D) પંજાબ

(36) કાશ્મીરના કયા સરોવરમાં નૌકાઘરો જોવા મળે છે?

(A) સાંભર (B) દાલ (C) વુલર (D) ઢેબર

(37) કયા રાજયના પુરુષો લુંગી પહેરે છે?

(A) બિહાર (B) ઉડીસા (C) કેરલ (D) ઉત્તરપ્રદેશ

(38) પંજાબનું કયું પીણું ખૂબ જ પ્રખ્યાત છે?

(A) લસ્સી (B) છાશ (C) શરબત (D) ચા

(39) ભાંગડા નૃત્ય માટે કયું રાજય જાણીતું છે?

(A) પંજાબ (B) મધ્યપ્રદેશ (C) અસમ (D) ઉડીસા

(40) બંગાળાની કઈ મીઠાઈ પ્રખ્યાત છે?

(A) ગુલાબ જાબુંન (B) બરફી (C) હલવો (D) રસગુલ્લાં

(41) વલ્લભાચાર્યનો કુળધર્મ કયો હતો?

(A) વૈષ્ણવ (B) શૈવ (C) બ્રાહ્મણ (D) ભાગવત

(42) ગુરૂનાનકનો જન્મ કયાં થયો હતો?

(A) ચંપારણ્યમાં (B) તલવંડીમાં (C) કાશીમાં (D) નવદીપમાં

(43) ચૈતન્ય મહાપ્રભુનો જન્મ કયાં થયો હતો?

(A) નવખંડમાં (B) નવતીર્થમાં (C) નવઘરામાં (D) નવદીપમાં

(44) કેનેડાની રાષ્ટ્રીય રમત કઈ છે?

(A) ફુટબોલ (B) ક્રિકેટ (C) ટેનિસ (D) આઈસહોકી

(45) પ્રેરિઝના મેદાન કયા પાકના વિપુલ ઉત્પાદન માટે વિશ્વવિખ્યાત છે?

(A) મકાઈ (B) ઘઉં (C) ડાંગર (D) બાજરી

(46) અતિશય વેગિલા ચક્રવાત અમેરિકામાં કયા નામે ઓળખાય છે?

(A) વાવાઝોડું (B) ટાઈફન (C) હરિકેન (D) ટોર્નેડો

(47) કોફીના ઉત્પાદનમાં કયો દેશ વિશ્વમાં મોખરે છે?

(A) બ્રાઝિલ (B) આર્જેન્ટિના (C) ચીન (D) કેનેડા

(48) બ્રાઝીલની રાષ્ટ્રભાષા કઈ છે?

(A) સ્પેનીશ (B) ઈંગ્લિશ (C) ફ્રેંચ (D) પોર્ટુગીઝ

(49) જર્મનીનું પાટનગર કયું છે ?

(A) લંડન (B) પેરીસ (C) બર્લિન (D) મોસ્કો

(50) યુરોપની કઈ નદી સૌથી લાંબી છે ?

(A) વોલ્ગા (B) રૂહાઈન (C) ડેન્યુબ (D) નીપર

**પ્રશ્ન : 2 (A)** યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો.

(1) ...................... ગ્રંથની શોભાયાત્રા હાથીની અંબાડી ઉપર કાઢવામાં આવી હતી.

(2) સુંદરીના વૃક્ષોમાંથી ...................... બને છે.

(3) ન્યાયની દેવીનું નામ ........................... છે.

(4) બાબરે ઈ.સ. ...................... માં દિલ્લી ઉપર આક્રમણ કર્યું હતું.

(5) ચાના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં ........................ ક્રમે છે.

(6) જહાંગીર શીખગુરૂ .................... નો વધ કરાવવામાં આવ્યો.

(7)ભારતમાં ઉનની બનાવટો અને પોશાકની વસ્તુ ઉપર ........................... ની નિશાની હોય છે.

(8) ...................... ભારતનો સૌથી ઉંચો મિનારો છે.

(9) મોઢેરાનું સૂર્યમંદિર લગભગ .................... વૃત્તપર આવેલુ છે.

(10) કાશ્મીરમાં ....................... ના ખેતરો આવેલા છે.

(11) ..................... પાંચ નદીઓના પ્રદેશ તરીકે ઓળખાય છે.

(12) આપણા દેશના સ્મારકો આપણું ........................... ગૌરવ છે.

(13) ..................... શીખ ધર્મનું ધર્મપુસ્તક છે. (14) પંપાઝ મેદાનોનું .......................... ઘાસ જાણીતું છે.

(15) યુરોપની વસ્તી આશરે ................. કરોડ છે.

અથવા

**પ્રશ્ન : 2 (A)** નીચે આપેલા વિધાન સામે √ કે × ખોટાંની નિશાની કરો.

(1) સિધ્ધરાજ જયસિંહનાં સમયમાં અણહિલવાડ પાટણ વિદ્યાનું ધામ બન્યું.

(2) દેવદારના લાકડામાંથી દવા,ચાની પેટીઓ અને દીવાસળી બને છે.

(3) દરેક જિલ્લામાં વડી અદાલત હોય છે.

(4) હુમાયુ પછી બાબર દિલ્લીની ગાદી પર આવ્યો.

(5) ભારત કૃષિપ્રધાન દેશ છે.

(6) નેપાનગરમાં ચલણી નોટો બનાવવા માટેનો કાગળ બને છે.

(7) યુધ્ધમાં ઓચિંતા છાપા મારવાની વ્યૂહરચના એટલે ગેરીલા પધ્ધતિ

(8) ગ્રાહકને વસ્તુની પસંદગી કરવાનો અધિકાર છે.

(9) તાજમહાલ એ જગપ્રસિદ્ધ મકબરો છે.

(10) અકબરે દિલ્લીમાં લાલ કિલ્લો બંધાવ્યો છે.

(11) ભારતના લોકો ભોજનપ્રિય છે.

(12) તરણેતરનો મેળા ગુજરાતમાં ભરાય છે.

(13) જાહેર સંપત્તિને નુકશાન કરવાથી ઈનામ મળે છે.

(14) સરકારી શાળાએ જાહેર સંપત્તિ છે.

(15) નોર્વે અને સ્વીડન દેશોમાં રાખોડી રંગની જમીન આવેલી છે.

**પ્રશ્ન : 2 (B)** નીચે આપેલા યોગ્ય જોડકાં જોડો.

| ❖ વિભાગ અ | વિભાગ બ | જવાબ |
|---|---|---|
| (1) કૃષ્ણા નદી | (A) અસમ | |
| (2) સતલુજ નદી | (B) સોનું | |
| (3) કાઝીરંગા | © ચિરોડી | |
| (4) વેળાવદર રાષ્ટ્રીય ઉદ્યાન | (D) નાગાર્જુન યોજના | |
| (5) અધાતુમય ખનીજ | (E) ગુજરાત | |
| | (F) ભાખરાનાંગલ યોજના | |

| ❖ વિભાગ અ | વિભાગ બ | જવાબ |
|---|---|---|
| (1) શણ | (A) પશ્ચિમ બંગાળ | |
| (2) ખાંડ | (B) શેરડી | |
| (3) રોપ–વે | (C) બિહારમાં રાજગિરિ | |
| (4) મેટ્રો–ટ્રેન | (D) દિલ્લી | |
| | (E) અસમ | |

| ❖ વિભાગ અ | વિભાગ બ | જવાબ |
|---|---|---|
| (1) વલ્લભાચાર્ય | (A) સતનામના ઉપદેશ | |
| (2) ચૈતન્ય મહાપ્રભુ | (B) પ્રભાતિયાનાં રચયિતા | |
| (3) ગુરુનાનક | (C) તેમના મતે સર્વોચ્ચ ઈશ્વર એક જ છે. | |
| (4) નરસિંહ મહેતા | (D) પૃષ્ટિમાર્ગના પ્રચારક | |
| (5) સંતકબીર | (E) વૈષ્ણવ ભકિતના પ્રચારક | |

અથવા

**પ્રશ્ન : 2 (B)** મને ઓળખી મારૂં નામ લખો.

(1) હું ઘરવપરાશમાં ઉપયોગી વસ્તુ ઉપરનું નિશાન છું.

(2) હું સોના–ચાંદીની બનાવટો પરનું નિશાન છું.

(3) હું ખેત પેદાશોમાંથી તૈયાર થતી વસ્તુ ઉપરનું નિશાન છું.
(4) હું ભારતની મધ્યમાંથી પસાર થાઉં છું.
(5) મારે ત્યાં અવાર નવાર હિમવર્ષા થાય છે.
(6) મારો ઉપયોગ ઘરેણાં બનાવવા થાય છે.
(7) હું સફેદ વાઘ માટે જાણીતું રાજય છું.
(8) હું ભારતની મોટામાં મોટી નદી છું.

**પ્રશ્ન : 2 (C)** નીચેના પ્રશ્નોના એક–બે વાકયમાં જવાબ લખો.

(1) 'રાણીની વાવ' કોણે બંધાવી હતી? શા માટે?
(2) ગુજરાતના કીર્તિતોરણોમાં કયા સ્થળનું કીર્તિતોરણ પ્રસિધ્ધ છે?
(3) જળધોધ કેવી રીતે રચાય છે?
(4) ખનીજ એટલે શું?
(5) ધાતુમય ખનીજો કયાં કયાં છે?
(6) તાલુકા અદાલતમાં કયા દાવા સાંભળવામાં આવે છે?
(7) આપણા દેશમાં ન્યાય મેળવવાની પ્રક્રિયા કેવી છે ?
(8) બાબરે પાણિપતના મેદાનમાં કોને હરાવ્યો હતો?
(9) અકબરના રક્ષક તરીકે તેનો ઉછેર કોણે કર્યો હતો?
(10) રાણા પ્રતાપ ટેકીલા હતા એવું શા પરથી કહી શકાય?
(11) બાગાયતી ખેતી કોને કહે છે?
(12) આકાશીય ખેતી એટલે શું?
(13) ગુજરાતમાં આવેલ પાંચ ઉદ્યોગેના નામ લખો.
(14) 'રાજયની આબાદીનો પાયો ખેતી છે.' એવું કોણ માનતું હતું?
(15) શિવાજીને માતા પાસેથી કયા ગુણો મળ્યા હતાં?
(16) ગ્રાહક કોને કહેવાય?
(17) મુઘલ સમ્રાટ શાહજહાં એ કોની યાદમાં શું બંધાવ્યું હતું?
(18) સોમનાથનું મંદિર કયાં આવેલું છે?
(19) રાજસ્થાનની સ્ત્રીઓ કેવો પોશાક પહેરે છે?
(20) પંજાબ કયા પ્રદેશ તરીકે ઓળખાય છે?
(21) જાહેર મિલકત એટલે શું?
(22) તમે કઈ કઈ જાહેર સુવિધાઓનો ઉપયોગ કરો છો?
(23) રૈદાસના ગુરુભાઈ કોણ હતા?
(24) નરસિંહ મહેતા કોની ભકિતમાં તન્મય રહેતા?
(25) યુરોપમાં કઈ કઈ મુખ્ય નદીઓ આવેલી છે?
(26) કેનેડાના મુખ્ય શહેરો કયાં કયાં છે?
(27) બોલિવિયાનું કયું સરોવર વિશ્વમાં જાણીતું છે?

**પ્રશ્ન : 3 (A)** યોગ્ય કારણો આપો.

(1) મીનળદેવી આદર્શ રાજમાતા હતાં.
(2) ઉત્તરભારતમાં ઠંડી અને દક્ષિણ ભારતમાં ગરમી વધુ પડે છે, કારણ કે....
(3) શણના છોડને પાણીમાં કોહડાવવામાં આવે છે, કારણ કે....
(4) ચાનો પાક પર્વતના ઢોળાવવાળી જમીન ઉપર ઉગાડવામાં આવે છે, કારણ કે....
(5) શાહજહાંના સમયમાં વધુ બાંધકામો થયાં, કારણ કે....
(6) ભારત બિનસાંપ્રદાયિક દેશ છે, કારણ કે....
(7) ભારત વિવિધતાઓનો દેશ કહેવાય છે, કારણ કે....

(8) ઈંગ્લેન્ડ શિયાળામાં પણ હૂંફાળું વાતાવરણ ધરાવે છે કારણ કે...
(9) પ્રેરિઝના મેદાનમાં ઘઉંનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન થાય કારણ કે....

**પ્રશ્ન : 3 (B)** નીચેના પ્રશ્નોના ત્રણ–ચાર વાકયમાં જવાબ લખો.

(1) વનરાજ ચાવડાએ વસાવેલ નવા નગરનું નામ અણહિલવાડ પાટણ કેમ રાખ્યું?
(2) ભારતમાં દરિયાકિનારાની આબોહવા કેવી છે?
(3) ભારતમાં કયા કયા પ્રકારના જંગલો આવેલાં છે?
(4) ન્યાયની દેવીની મૂર્તિ ન્યાય અંગે શું સૂચવે છે?
(5) અકબરના દરબારમાં નવ રત્નો કોણ કોણ હતાં?
(6) હલદીઘાટીના યુધ્ધમાં મહારાણા પ્રતાપનો શાથી પરાજય થયો?
(7) કુટિર ઉદ્યોગો એટલે શું? તેમાં શું શું બનાવવામાં આવે છે?
(8) મુઘલ સમયની આર્થિક સ્થિતિ વિશે ત્રણ–ચાર વાકયો લખો.
(9) ગ્રાહકના અધિકારો જણાવો.
(10) ચૌલ સમયનાં સ્થાપત્યની વિશેષતાઓ નોંધો.

**પ્રશ્ન : 3 (C)** નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો.

(1) સોલંકી કાળની રાજય વ્યવસ્થા વિશે ચાર–પાંચ વાકયો લખો.
(2) વનસંરક્ષણ માટે કયા કયા ઉપાયો યોજવા જોઈએ?
(3) આપણા દેશનું ન્યાયતંત્ર સળંગ, સ્વતંત્ર અને નિષ્પક્ષ છે, એવું શાથી કહી શકાય?
(4) બાબર મુઘલ સત્તાનો સ્થાપક કરનાર હતો?
(5) ભારતની ખેતીના પ્રકારો જણાવો? તમને કયો પ્રકાર વધુ ગમે છે? કેમ?
(6) આપણે ચીજવસ્તુની ખરીદી વખતે હંમેશા બિલ લેવાનો આગ્રહ રાખવો જોઈએ? શા માટે?
(7) પશ્ચિમ ભારતના લોકોના ખોરાક વિશે લખો.
(8) આઝાદી પહેલાની ભારતની ધાર્મિક પરિસ્થિતિ વર્ણવો.
(9) દક્ષિણ અમેરિકા ખંડના એમેઝોન જંગલો વિશે ટૂંકમાં લખો.

**પ્રશ્ન : 4 (A)** નીચે આપેલી ટૂંકનોંધ લખો.

(1) મધ્યયુગીન ગુજરાતનાં સ્થાપત્યો
(2) ભારતમાં વર્ષાઋતુ
(3) રાણા પ્રતાપ અને અકબર
(4) વીર દુર્ગાદાસ
(5) તાજ મહાલ
(6) દ્વારકાધીશનું મંદિર
(7) ભારતના ઉત્સવો અને વિવિધ નૃત્યો
(8) નરસિંહ મહેતા
(9) ભારતની જંગલ સંપતિ

**પ્રશ્ન : 4 (B)** નીચેના સ્થળોને ભારતનાં રેખાંકિત નકશામાં દર્શાવો.

(1) બાજરી, જુવાર, મકાઈ, મગફળી, ઘઉં, કપાસ
(2) વર્તમાનપત્રનો કાગળ, ચલણી નોટોનો કાગળ, રિફાઈનરી, રાસાયણિક ખાતર
(3) સુતરાઉ કાપડ, ઊની કાપડ, ખાંડ, સિમેન્ટ